# ગાંધીનગરમાં એક જ દિવસમાં કોરોનાના કેસ ડબલ

વિગતો છેલ્લા પાને

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૩ | ૧૪ જાન્યુઆરી, ૨૦૨૨, શુક્રવાર; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના સામે કારગત હથિયાર વેક્સિનેશન : મોદી

## કોરોના-ઓમિક્રોન સંક્રમણની સ્થિતીની સમીક્ષા માટે રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે વડાપ્રધાનશ્રીની વિડીયો કોન્ફરન્સ : મુખ્યમંત્રીશ્રીઓને રાજ્યોમાં વેક્સિનેશન-ડ્રાઇવ પ્રિવેન્ટીવ કેર અંગે વડાપ્રધાનશ્રીનું માર્ગદર્શન



વિશ્વવ્યાપી મહામારી કોરોના સંક્રમણ તથા નવો વેરિએન્ટ ઓમિક્રોનની દેશના રાજ્યોમાં પ્રવર્તમાન સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સ બેઠક યોજી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી સહભાગી થયા હતા. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી નિમિષાબહેન સુથાર તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિતના વરિષ્ઠ સચિવો પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવીયા તેમજ કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગોના સચિવો આ બેઠકમાં જોડાયા હતા.

પ્રધાનમંત્રીશ્રીએ કોરોના સામેના કારગત હથિયાર તરીકે વેક્સિનેશનની મહત્તા આપતાં રાજ્યોને વેક્સિનેશન ડ્રાઈવ અને પ્રિવેન્ટીવ કેર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે ઉત્તરાયણ, લોહરી, બિહુ જેવા વિવિધ તહેવારોમાં લોકો અને પ્રશાસન બેયની સતર્કતા-એલર્ટનેસ જળવાઈ રહે તે માટે પણ સૂચનો કર્યા હતા. ટેસ્ટિંગ, હોમ આઈસોલેશન, ટેલિમેડિસીન પદ્ધતિના ઉપયોગ માટે પણ પ્રધાનમંત્રીશ્રીએ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો.

# દેશમાં ૨ લાખ ૪૭ હજાર નવા કેસ

## દિલ્હીમાં ૨૭ હજારથી વધુ નવા કેસ : દેશમાં કોરોના વાયરસની ત્રીજી લહેર ઝડપથી ફેલાઈ રહી છે

નવી દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોના વાયરસની ત્રીજી લહેર ઝડપથી ફેલાઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨ લાખથી વધુ નવા કોરોના સંક્રમિત મળી આવ્યા છે, જે છેલ્લા ૭ મહિનાનો નવો રેકોર્ડ છે. રિપોર્ટ અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨ લાખ ૨૬ હજાર નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૭૬ હજાર લોકો સંક્રમણથી સાજા પણ થયા હતા, જ્યારે મહામારીના કારણે ૩૫૫ દર્દીઓના મોત થયા હતા. આ સાથે દેશમાં નવા કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૦ લાખ ૯૮ હજાર થઈ ગઈ છે. જો દિલ્હીની વાત કરીએ તો અહીં સંક્રમણનો દર ૨૬.૨૨% પર ચાલી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં કોરોના વાયરસના ૨૭,૫૬૧ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૪૦ દર્દીઓએ જીવ ગુમાવ્યો હતો.

વર્ષના પ્રથમ મહિનામાં અત્યાર સુધીમાં દિલ્હીમાં કોરોનાને કારણે ૧૩૩ દર્દીઓના મોત થયા છે. રાહતની વાત એ છે કે લોકો કોરોનાથી સાજા થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરની હોસ્પિટલમાંથી ૧૪,૯૫૭ લોકોને રજા આપવામાં આવી છે.

કોરોનાથી ખરાબ રીતે પીડિત મહારાષ્ટ્રની વાત કરીએ તો બુધવારે ત્યાં ૪૬,૭૨૩ નવા દર્દીઓ મળી આવ્યા હતા. આ દરમિયાન રાજ્યમાં કોરોના વાયરસના કારણે ૩૨ લોકોના મોત પણ થયા છે. હાલમાં મહારાષ્ટ્રમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૨ લાખ ૪૦ હજારથી વધુ છે.

# ૩૦૦ જિલ્લામાં કોરોનાનો પોઝિટીવિટી રેટ ૫%થી વધુ

## સ્વાસ્થ્ય મંત્રાલયનું નિવેદન : લોકો અંગે ચિંતા વ્યક્ત કરી છે જેઓ ઓમિક્રોનને ઓછો ઘાતક અને સામાન્ય શરદી-ઉધરસ માનીને ચાલે છે

નવી દિલ્હી,તા.૧૩

ઓમિક્રોન વેરિઅન્ટ અંગે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ફરી ચેતવણી આપતા કહ્યું છે કે, જે લોકોએ કોવિડ-૧૯ વેક્સીન નથી લીધી એ લોકો માટે આ વેરિઅન્ટ બહુ નુકસાનકારક છે. જો કે, આ વેરિઅન્ટ ડેલ્ટાની સરખામણીમાં ઓછો ઘાતક છે તો પણ એનાથી એ લોકોને ખતરો છે જેમણે કોરોના રસીકરણ નથી કરાવ્યું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એ લોકો અંગે ચિંતા વ્યક્ત કરી છે જેઓ ઓમિક્રોનને ઓછો ઘાતક અને સામાન્ય શરદી-ઉધરસ માનીને ચાલે છે. તો ભારતમાં નીતિ આયોગ (સ્વાસ્થ્ય)ના અધ્યક્ષ ડો વી કે પૌલે સ્વાસ્થ્ય મંત્રાલયની સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ઓમિક્રોન વેરિઅન્ટને હળવાશમાં ન લેવો જોઈએ. એ ભલે નબળો લાગી રહ્યો હોય. જો કે, એનું એક કારણ એ પણ છે કે દેશમાં મોટા પાયે વેક્સીનેશનને લીધે લોકોને આ વેરિઅન્ટ સામે સુરક્ષા મળી રહી છે. તો કેટલાક દેશોમાં આ વેરિઅન્ટે આરોગ્ય સેવાઓને ખૂબ પ્રભાવિત કરી છે. દેશમાં કોવિડ-



૧૯ સંબંધિત સ્થિતિ અંગે સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે દેશના ૩૦૦ જિલ્લાઓમાં કોવિડ-૧૯ કેસનો પોઝિટીવિટી રેટ ૫ ટકાથી વધુ છે. તેમાં મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, તમિલનાડુ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, કેરળ અને ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૨ને શુક્રવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૨૨ને શનિવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

**કોને કોને કોરોના**

- રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી કોરોનાથી સંક્રમિત
- ભાજપના ત્રણ ધારાસભ્યો સર્વશ્રી યોગેશ પટેલ (માધવપુર), અક્ષય પટેલ (કરજણ) અને અરવિંદ પટેલ (સાબરમતી) કોરોનાથી સંક્રમિત
- રાજ્યના પોલીસવડા આશિષ ભાટીયા કોરોના પોઝીટીવ
- કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. અનિલ જોશીયારા કોરોનાથી સંક્રમિત
- ભાજપના પૂર્વ પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ કોરોના પોઝીટીવ
- મધ્યપ્રદેશમાં એક સાથે ૮૦ પોલીસ કોરોનાથી સંક્રમિત
- આઈઆઈએમ અમદાવાદમાં વધુ સાત વિદ્યાર્થીઓ સંક્રમિત

# યુપીમાં ભાજપના વધુ એક મંત્રી ધરમસિંહ સૈનીનું રાજીનામું, સપામાં જોડાઈ જશે

## અઠવાડિયામાં યોગી સરકારમાંથી એક્ઝિટ મારનારા સૈની ત્રીજા કેબિનેટ મંત્રી

લખનઉ, તા.૧૩

યુપીમાં યોગી સરકારના વધુ એક મંત્રીએ રાજીનામું ધરી દીધું છે. તેઓ સમાજવાદી



પાર્ટીમાં જોડાય તેવી ચર્ચા છે. આ જ અઠવાડિયામાં યોગી સરકારમાંથી એક્ઝિટ મારનારા સૈની ત્રીજા કેબિનેટ મંત્રી બન્યા છે. નાકુડ વિધાનસભા બેઠકના પ્રતિનિધિ એવા સૈનીએ પોતાની સુરક્ષા અને સરકારી આવાસને પણ પરત સોંપી દીધા છે. તેઓ આયુષ, ખાદ્ય સુરક્ષા અને દવાના વ્યવસ્થાપનનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી હતા.

ધરમસિંહ સૈની ગવર્નરને પોતાનું રાજીનામું સોંપ્યા બાદ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવને મળવા માટે પહોંચ્યા હતા. નવાઈની વાત એ છે કે, અત્યારસુધી ભાજપના જેટલા પણ ધારાસભ્યોએ પક્ષ સાથે છેડો ફાડતી વખતે પોતાના રાજીનામામાં જે આક્ષેપ કર્યા છે તેવા જ આક્ષેપ સૈનીએ પણ કર્યા છે. તેમણે સરકાર પર ગરીબ, દલિત, વંચિત તેમજ બેરોજગાર યુવાવર્ગ અને નાના વેપારીઓ પ્રત્યે દુર્લક્ષ્ય સેવવાના આરોપ લગાવ્યા છે.

# ૪૦૦ આતંકીની ઘૂસણખોરી માટેની તૈયારી : આર્મી ચીફ

## કાશ્મીરમાં પાક. આતંકીઓ ઘૂસાડવાની ફિરાકમાં : ઘૂસણખોરીનો ખતરો ટળ્યો નથી, ભારતે એલર્ટ રહેવું પડશે, પશ્ચિમ મોરચા પર ખતરો વધારે : લશ્કરી વડા

નવી દિલ્હી, તા.૧૩

કાશ્મીરમાં સુરક્ષાદળો ઓપરેશન ઓલ આઉટ થકી આતંકીઓનો સફાયો કરી રહ્યા છે તો બીજી તરફ પાકિસ્તાન વધારે ને વધારે આતંકીઓને કાશ્મીરમાં ઘૂસાડવા માટેની ફિરાકમાં છે.

ખુદ આર્મી ચીફ જનરલ નરવણેએ ખુલાસો કરતા કહ્યુ છે કે, પાકિસ્તાન તરફથી સંઘર્ષ વિરામના ભંગની ઘટનાઓ ભલે ઓછી થઈ છે પણ તે પોતાની હરકતોથી બાજ આવી રહ્યુ નથી.પાકિસ્તાન તરફથી પ્રોક્સી વોર ચાલુ જ છે.

તેમણે કહ્યુ હતુ કે, અમને જે ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા છે તે પ્રમાણે બોર્ડરની બીજી તરફ લોન્ચ પેડ અને ટ્રેનિંગ કેમ્પમાં હાલમાં ૪૦૦ આંતકીઓ મોજુદ છે.એટલે ઘૂસણખોરીનો ખતરો ટળ્યો નથી.આપણે એલર્ટ રહેવુ પડશે.પશ્ચિમ મોરચા પર ખતરો હજી પણ વધારે છે.

સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે, ભારતીય સેનાએ આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને તેનુ પાલન કરવા માટે સેના કટિબધ્ધ છે. જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ સુધરી છે.

# કુલગામમાં જૈશના પાક. આતંકી બાબરને ઠાર કરાયો

## અથડામણમાં જમ્મુ નિવાસી પોલીસકર્મી રોહિત ચિબ શહીદ, સેનાના ૩ જવાનો અને ૨ નાગરિકો પણ ઘાયલ

નવી દિલ્હી, તા.૧૩

કાશ્મીરના કુલગામ જિલ્લામાં બુધવારે શરૂ થયેલી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણ ગુરૂવાર સવાર સુધી ચાલી હતી. તેમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો એક આતંકવાદી માર્યો ગયો છે. તેની ઓળખ બાબરભાઈ તરીકેની સામે આવી છે. તે પાકિસ્તાનનો રહેવાસી હતો. શોપિયાં અને કુલગામમાં તે ૨૦૧૮ના વર્ષથી સક્રિય હતો. આતંકવાદી પાસેથી એક એકે-૪૭ રાઈફલ, એક પિસ્તોલ અને ૨ ગ્રેનેડ મળી આવ્યા છે. અથડામણમાં જમ્મુ નિવાસી પોલીસકર્મી રોહિત ચિબ શહીદ થયા છે. આ સાથે જ સેનાના ૩ જવાનો અને ૨ નાગરિકો પણ ઘાયલ થયા છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવ્યા છે.

# ભારત-ચીનનો વાતચીતનો ૧૪મો રાઉન્ડ પણ નિષ્ફળ

## બંને દેશોએ લદ્દાખ વિવાદ પર બેઠકમાં નિર્ણય તો લીધો છે

નવી દિલ્હી, તા.૧૩

સીમા વિવાદને લઈને ભારત અને ચીન વચ્ચેની વાતચીતનો ૧૪મો રાઉન્ડ પણ નિષ્ફળ ગયો છે.ચીને હજી પણ અડિયલ વલણ અપનાવવાનુ ચાલુ જ રાખ્યુ છે.

બંને દેશોએ હવે લદ્દાખમાં જે વિવાદ છે તેને બંને દેશોને સ્વીકાર્ય હોય તે રીતે ઉકેલવા માટે નિર્ણય તો લીધો છે પણ તેના પર કેવી રીતે અમલ થશે તે સવાલ છે.







